ડૉ.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫ મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓ માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના અન્વયે વ્યાજ અને દંડનિય વ્યાજ માફ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૪૨૦૧૫/૧૩૧૭૦૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૨૬/૦૯/૨૦૧૮

વંચાણમાં લીધા:-

૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૪/૦૮/૨૦૧૫નો ઠરાવ.

૨) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૫/૦૨/૨૦૧૬નો ઠરાવ.

૩) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૦/૦૮/૨૦૧૬નો ઠરાવ.

૪) ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર તા:૨૫/૦૭/૨૦૧૮નો પત્ર ક્રમાંક:અવિકો/ વસુલાત/ ૨૦૧૮-૧૯/૨૪૮૮.

૫) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર તા:૨૫/૦૭/૨૦૧૮નો પત્ર ક્રમાંક:નવધ/૧૦૨૦૧૨/ ૨૪૦૩/પ્રો(૩)/૪૮૫૩.

આમુખ:-

આ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ: (૧) પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૪/૦૮/૨૦૧૫ના ઠરાવ અન્વયે ડૉ.આંબેડકરજીની ૧૨૫મી જન્મ જયંતીની રાજ્ય સરકાર દ્વારા થઇ રહેલ ઉજવણી નિમિત્તે ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓ માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના તા.૩૧/૦૧/૨૦૧૬ સુધી અમલમાં મુકવામાં આવેલ, વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૦૫/૦૨/૨૦૧૬ના ઠરાવથી આ યોજનાની મુદ્દત તા.૩૧/૦૭/૨૦૧૬ સુધી લંબાવવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૨૦/૦૮/૨૦૧૬ના ઠરાવથી આ યોજનાની મુદ્દત તા.૩૧/૦૩/૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) અને (૫) પરના પત્રોથી ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, દ્વારા વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની મુદ્દત લંબાવવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની મુદ્દત લંબાવવા બાબતની નિગમોની દરખાસ્તો સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

નિગમોની ઉક્ત મુજબની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની મુદ્દત હુકમની તારીખથી વધુ ત્રણ માસ માટે લંબાવવામાં આવે છે.

આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૪/૦૮/૨૦૧૫, તા.૦૫/૦૨/૨૦૧૬ અને તા.૨૦/૦૮/૨૦૧૬ના ઠરાવની અન્ય શરતો / જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલેશ શાહ)
સરકારના નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(નાં.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, અ, અ-૧, ૬, ગ, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.